# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2023-24
## ધોરણ-12 : રાજ્યશાસ્ત્ર (023) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 34 | 44 | 17 | 05 | 100 |
| ટકા (%) | 34 % | 44 % | 17 % | 05 % | 100 % |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-I) | 14 | 18 | 28 |
| 4. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-II) | 09 | 12 | 27 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 03 | 05 | 15 |
| | કુલ | **56** | **65** | **100** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | ભારતમાં પક્ષપ્રથાનું સ્વરૂપ | 14 | 16 |
| 2. | ભારતમાં ચૂંટણીઓ | 14 | 19 |
| 3. | ભારતીય લોકશાહી સામેના પડકારો અને પ્રતિભાવો | 14 | 17 |
| 4. | વિકાસ અને લોકશાહી | 10 | 12 |
| 5. | શાંતિ અને વિકાસ | 10 | 15 |
| 6. | ભારત અને વિશ્વ | 14 | 19 |
| 7. | સંયુક્ત રાષ્ટ્ર | 10 | 13 |
| 8. | પર્યાવરણ અને વૈશ્વિક રાજકારણ | 14 | 16 |
| | કુલ | **100** | **127** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2023-24**
**ધોરણ-12 : રાજ્યશાસ્ત્ર (023) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 20 | **વિભાગ - A**<br>નીચેના આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ 4 (ચાર) વિકલ્પ (A,B,C,D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેકના 1 ગુણ) | 20 |
| 21 થી 30 | **વિભાગ - B**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્ય માં જવાબ લખો. (દરેકનો 1 ગુણ) | 10 |
| 31 થી 48 | **વિભાગ - C**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 14 (ચૌદ) પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ) | 28 |
| 49 થી 60 | **વિભાગ - D**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 49 થી 60 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 9 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેકના 3 ગુણ) | 27 |
| 61 થી 65 | **વિભાગ - E**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 61 થી 65 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના 5 ગુણ) | 15 |
| | **કુલ** | **100** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2023-24**
**ધોરણ-12 : રાજ્યશાસ્ત્ર (023) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**
**નમૂનાનું પ્રશ્નપત્ર**

**સમય : 3 કલાક** | **કુલ ગુણ : 100**

**સૂચનાઓ :**

- જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ લખો.
- આ પ્રશ્નપત્રમાં કુલ 5 (પાંચ) વિભાગ છે.
- નવો વિભાગ નવા પેજથી શરૂ કરો.

## વિભાગ - A

- **નીચેના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો. (દરેકનો 1 ગુણ)** **[20]**

(1) ............... મતદારોને રાજકીય શિક્ષણ પૂરૂ પાડે છે.
(A) લોકમત (B) વિરોધ પક્ષ (C) રાજકીય પક્ષો (D) દાબજૂથ

(2) વૈકલ્પિક સરકારની રચના કરે છે ?
(A) સત્તાધારી પક્ષ (B) અપક્ષ (C) વિરોધ પક્ષ (D) રાજકીય પક્ષો

(3) ..............માં રાજકીય પક્ષો અનિવાર્ય ગણવામાં આવ છે.
(A) લોકશાહી (B) સરમુખત્યાર શાહી (C) રાજાશાહી (D) પ્રમુખ શાહી

(4) તારકુંડે સમિતિની રચના કોની સાથે સંકળાયેલી છે ?
(A) પંચાયતી રાજ (B) ચૂંટણી સુધારા (C) સનદી સેવા (D) આર્થિક સુધારા

(5) વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં સૌથી મોટો લોકશાહી દેશ છે.
(A) ભારત (B) અમેરિકા (C) બ્રિટન (D) પાકિસ્તાન

(6) ભારતીય બંધારણની આ કલમ હેઠળ ચૂંટણી પંચની જોગવાઈ કરવામાં આવી છે.
(A) 324 (B) 326 (C) 328 (D) 356

(7) અનુસૂચિત જાતિ એ કેવા પ્રકારની કેટેગરી છે ?
(A) સામાન્ય (B) બંધારણીય (C) સરળ (D) એકપણ નહીં

(8) નક્સલવાદનો ઉદ્ભવ કયા રાજ્યમાંથી થયો હતો ?
(A) બિહાર (B) રાજસ્થાન (C) પશ્ચિમ બંગાળ (D) કેરળ

(9) ભારતમાં નીતિ આયોગની સ્થાપના ક્યારે થઈ ?
(A) 2015 (B) 2016 (C) 2017 (D) 2020

(10) ગુજરાતમાં અન્ય પછાત વર્ગો માટે કયું પંચ નિમાયેલું ?
(A) ભુરીયા પંચ (B) બક્ષી પંચ (C) કાલેલકર પંચ (D) મંડલ પંચ

(11) મહિલાઓની સુરક્ષા માટે કયો હેલ્પલાઈન નંબર છે ?
(A) 161 (B) 171 (C) 181 (D) 191

(12) 'વિશ્વ શાંતિ દિન' તરીકે ઉજવવામાં આવે છે.
(A) 21 સપ્ટેમ્બર (B) 21 ઓક્ટોબર (C) 21 નવેમ્બર (D) 21 ડિસેમ્બર

(13) 'સત્ય અને અહિંસા મારા પ્રાણ છે. તેના વિના હું જીવી શકું નહિ'' આ વિધાન કોનું છે ?
(A) ગાંધીજી (B) સરદાર પટેલ (C) કાલમાર્કસ (D) સોક્રેટિસ

(14) નીચેના પૈકી કયુ રાષ્ટ્ર સાર્કનું સભ્ય નથી ?

(A) ભારત (B) ચીન (C) નેપાળ (D) પાકિસ્તાન

(15) સંયુક્ત રાષ્ટ્ર સંઘનું વડુ મથક....

(A) ન્યૂયોર્ક (B) વોશિંગ્ટન (C) શિકાગો (D) ન્યુજર્શી

(16) સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતિમાં કાયમી સભ્ય સંખ્યા કેટલી છે ?

(A) પાંચ (B) સાત (C) અગિયાર (D) પંદર

(17) આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશોની કુલ સંખ્યા કેટલી છે ?

(A) 11 (B) 15 (C) 17 (D) 21

(18) સુંદરલાલ બહુગુણા કયા આંદોલન સાથે સંકળાયેલા છે ?

(A) નર્મદા બચાવો (B) ગંગા બચાવો (C) ચીપકો આંદોલન (D) કાવેરી જળ વિવાદ

(19) કર્ણાટક અને આંધ્રપ્રદેશ રાજ્યની વચ્ચે કઈ નદીના પાણી માટેનો વિવાદ થઈ રહ્યો છે ?

(A) ગંગા (B) નર્મદા (C) કાવેરી (D) કૃષ્ણા

(20) 'પૃથ્વી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(A) 22 માર્ચ (B) 22 એપ્રિલ (C) 22 મે (D) 22 જૂન

## વિભાગ - B

- **નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો (દરેકનો 1 ગુણ)** **[10]**

(21) લોકશાહીના પ્રકાર જણાવો.

(22) ભારતમાં લોકસભામાં કુલ કેટલા સભ્યો હોય છે ?

(23) સોશ્યલ મીડિયાના બે ઉદાહરણ આપો.

(24) લોકશાહીના વિકેન્દ્રીકરણનું પ્રથમ બિંદુ શું છે ?

(25) આયોજન પંચ શા માટે રદ કરાયું ?

(26) શાંતિ શા માટે મહત્વની છે ?

(27) રાષ્ટ્રીય તાકાતનો આધાર શું છે ?

(28) સંયુક્ત રાષ્ટ્રના ખતપત્રમાં કેટલી કલમો છે ?

(29) ક્યુબા કયા દેશમાં આવેલો મોટો ટાપુ છે ?

(30) નર્મદા બચાવો આંદોલન કયા વર્ષે શરૂ થયું ?

## વિભાગ - C

- **નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ 31 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 14 (ચૌદ) પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)** **[28]**

(31) એક પક્ષ પ્રથા એટલે શું ?

(32) હિત જૂથો એટલે શું ?

(33) વિરોધ પક્ષ સરકારને કઈ રીતે અંકુશમાં રાખે છે ?

(34) મિશ્ર સરકાર કોને કહેવાય.

(35) મત બેઠક વિસંગતિ એટલે શું ?

(36) આતંકવાદ શબ્દ શાના ઉપરથી ઉતરી આવ્યો છે ?

(37) રાજકીય હિંસાનો અર્થ આપો ?

(38) વિકાસ એટલે શું ?

(39) મહિલા વિકાસ એટલે શું ?

(40) નિઃશસ્ત્રીકરણ એટલે શું ?

(41) વિશ્વશાંતિ એટલે શું ?

(42) ભારતના સંસ્કૃત સાહિત્યમાં કઈ કઈ શાંતિનો વિચાર કરાયો છે ?

(43) કયા સાંસ્કૃતિક મૂલ્યો ભારતની વિદેશનીતિને પ્રભાવિત કરે છે ?

(44) ‘સાર્ક’ એટલે શું ?

(45) સંયુક્ત રાષ્ટ્રસંઘના અંગો જણાવો ?

(46) જલાવરણમાંથી મળતા કુદરતી સંસાધનો જણાવો ?

(47) કુદરતી સંસાધનોના પ્રકાર કેટલા છે ? કયા કયા ?

(48) ભૂ-રાજકારણ એટલે શું ?

## વિભાગ - D

- **નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 49 થી 60 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 9 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.** (દરેકના 3 ગુણ) [27]

(49) વિરોધ પક્ષના નેતાનું મહત્વ સમજાવો.

(50) સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર સમજાવો.

(51) ભારતીય લોકશાહી સામેના પડકારો જણાવો.

(52) રાજકારણ અને જ્ઞાતિ એકબીજાને પ્રભાવિત કરે છે. સમજાવો.

(53) મહિલા કલ્યાણ અને વિકાસના કાર્યક્રમો જણાવો.

(54) રાજ્યમાં શાંતિ સ્થાપવા માટેની પૂર્વ શરતો જણાવો.

(55) શાંતિ અંગેના ગાંધીજીના વિચારો જણાવો.

(56) G-20 સંગઠન સમજાવો.

(57) સંયુક્ત રાષ્ટ્રસંઘના મહત્વના હેતુઓ જણાવો.

(58) આંતરરાષ્ટ્રીય અદાલતના મુખ્ય કાર્યો જણાવો.

(59) મૃદાવરણમાંથી મળતા કુદરતી સંસાધનો જણાવો.

(60) પર્યાવરણ એટલે શું ? તેની સંકલ્પના સમજાવો.

## વિભાગ - E

- **નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 61 થી 65 સુધીના કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના સવિસ્તાર લખો.** (દરેકના 5 ગુણ) [15]

(61) લોકશાહીમાં ચૂંટણીનું મહત્વ સમજાવો.

(62) ચૂંટણીમાં ભાગીદારી અને મતદાનને પ્રભાવિત કરતા ટૂંકાગાળાના પરિબળો સમજાવો.

(63) ગરીબીનો અર્થ આપી ગરીબી નિવારણના કાર્યક્રમો સમજાવો.

(64) ભારતની વિદેશનીતિના પાયાના સિદ્ધાંતો સમજાવો.

(65) ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો સમજાવો.

●●●